# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# TEKA NA BHAV

ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો આજથી રાજ્યવ્યાપી શુભારંભ થયો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગરના દહેગામમાં ટેકાના ભાવે ખરીદીનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવી ખેડૂતો સાથે સંવાદ કર્યો. બજાર કરતા વધુ ભાવે જણસીની ખરીદી કરવા બદલ ખેડૂતોએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો. ઉલ્લેખનીય છે, ખેડૂતો પાસેથી 15 હજાર કરોડથી વધુની કિંમતની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવામાં આવી રહી છે. દરમિયાન પોરબંદરમાં કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાએ ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરાવ્યો. શ્રી મોઢવાડીયાએ જણાવ્યું, આ ખરીદીને લઈને ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

(બાઇટ: અર્જુન મોઢવાડિયા, કેબીનેટ મંત્રી)

આજથી શરૂ થયેલી ખરીદીના ભાગરૂપે ગાંધીનગરના કૃષિ ભવન ખાતેથી લાઈવ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્યભરમાં કુલ 97 કેન્દ્રો પરથી ખરીદીની કામગીરી હાથ ધરવામાં આવી છે, જ્યારે આવતીકાલથી સોમવારથી રાજ્યના કુલ 300 કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે.

. . . . . . . . . . . . .

# TEKA NA BHAV - DISTRICT

સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકા સ્થિત APMC ખાતે મગફળીના ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ટેકાના ભાવો અંગેની

વિગતો અપાતા પ્રાંત અધિકારી એચ.ટી.મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા મગફળી માટે પ્રતિ મણ દીઠ 1 હજાર 452 રૂપિયાનો ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

જામનગર હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ખરીદીનો પ્રારંભ યાર્ડના પ્રમુખ મુકુંદ સભાયા સેક્રેટરી હિતેશભાઈ પટેલ સહિત યાડના ડાયરેક્ટરોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .

## GUJ ATS

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી - ATSએ ગાંધીનગરના અડાલજ પાસેથી ત્રણ આતંકીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ ત્રણેય આંતકવાદીઓ ISIS સાથે સાંઠગાઠ ધરાવતા હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર પણ મળી આવ્યા છે. એટીએસએ આતંકવાદીઓની પૂછપરછ કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ આતંકવાદીઓ હુમલો કરવાનુ ષડયંત્રે રચી રહ્યાં હતા.

. . . . . . . . . . . . .

## JUNAGADH UNITY MARCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે જૂનાગઢના 78મા મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મજયંતી નિમિત્તે યુનિટી માર્ચનો પણ પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે કહ્યું, કે આઝાદ ભારતના ઇતિહાસમાં જૂનાગઢનો સ્વતંત્રતા સંગ્રામ સુવર્ણ અક્ષરે અંકિત થયેલો છે. આરઝી હકુમતની લડાઈને કારણે જૂનાગઢ નવાબના શાસનમાંથી મુક્ત થયું છે બહાઉદીન કોલેજ ખાતેથી એકતા યાત્રાને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે આ યાત્રા આત્મ નિર્ભર ભારત અને અખંડ ભારત ની દિશામાં અહમ ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . .

## TAPI SANGHAVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે તાપીના ઉચ્છલ ખાતે નવનિર્મિત અદાલત ભવનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શ્રી સંઘવીએ કાયદા વ્યવસ્થા મજબૂત બનાવવા અને લોકોને વધુ ઝડપથી ન્યાય મળે તેવી ભગવાનને પ્રાર્થના કરી. દરમિયાન તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત શ્રી સંઘવીના હસ્તે મૂળમાલિકોને તેમનો ચોરાયેલો માલસામાન પરત કરાયો.

. . . . . . . . . . . . .

## RAHAT PACKAGE REVIEW-BANASKANTHA

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને મોટું નુકસાન થતાં રાજ્ય સરકારે ખેડૂતો માટે 10 હજાર કરોડ રૂપિયાનું રાહત પેકેજને જાહેર કર્યું છે. જેને રાજ્યના ખેડૂતો આવકારી રહ્યા છે. ત્યારે વાવ થરાદ જિલ્લામાં આવેલ એપીએમસી થરાદના અધ્યક્ષ શૈલેષ પટેલે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો.

(બાઈટ: શૈલેષ પટેલ – ચેરમેન, થરાદ એપીએમસી)

. . . . . . . . . . . . .

# ARVALLI JANJATIYA YATRA

ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતિ નિમિત્તે શરૂ તહીએલી જનજાતીય ગૌરવ યાત્રાનું અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં સ્વાગત કરાયું, જ્યાં રાજ્ય મંત્રી પી.સી. બરંડાએ રથનું પૂજન કર્યું. ત્યારબાદ આ રથયાત્રા શામળાજી પહોંચી હતી, જ્યાં આદિવાસી બાંધવો, સ્થાનિક આગેવાનો અને ભાવિ પેઢીના યુવાનોની ઉપસ્થિતિમાં  તેને આવકારવામાં આવી.

. . . . . . . . . . . . .